ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૧૫ જૂન, ૨૦૨૫



## ડોનાલ્ડ ટ્રમ્પ નામે વંટોળિયો

# પોતાનું ઘર તો બાળે જ છે પણ સાથે વૈશ્વિક સંતુલન ખોરવાઇ રહ્યું છે

બહુશ્રુત

ચિરંતના ભટ્ટ

ડોનાલ્ડ ટ્રમ્પ ફાટી ફાટીને એવા ધુમાડે ગયા છે કે તમે ઈચ્છો કે ન ઈચ્છો એમના વિશે, એમની કામગીરી કહો તો એ અને કરતૂત કહો તો એ - એની વાત કર્યે જ છૂટકો. એક મ્હોં ફાટ, મનસ્વી રિપબ્લિકન પ્રતિનિધિ, પ્રમુખ બને પછી જે બેફામ નિર્ણયો લે ત્યારે શું વલે થાય તે આપણે જોઈ રહ્યા છીએ. તાજેતરમાં જ ટ્રમ્પે 2700 જેટલા મિલિટરી પર્સનલના દળ, જેમાં નેશનલ ગાર્ડ ટ્રૂપ્સ અને મરીન્સનો પણ સમાવેશ થાય છે તેમને લોસ એન્જેલસમાં તૈનાત કર્યા. આ પગલું ટ્રમ્પની બીજી ઈનિંગનું સૌથી વધુ આક્રમક પગલું છે. શહેરને કથિત ‘માઈગ્રન્ટ્સ’ના મારાથી મુક્ત કરવા માટે ટ્રમ્પે આવું કર્યું હોવાનો તેમનો દાવો છે. માનવાધિકાર જૂથો અને લોસ એન્જલસના સ્થાનિક નેતાઓએ આ પગલાંની આકરી ટીકા કરી. ટ્રમ્પનુ આ વર્તન તેમની સરમુખત્યારશાહીનો પડઘો છે. જરાય નવાઈની વાત નથી કે આ લશ્કરી વલણને પગલે 1500થી વધુ શહેરોમાં ‘નો કિંગ્ઝ’ની ચળવળ છેડાઈ છે જે એક સરમુખત્યારશાહીનો વિરોધ દર્શાવે છે.

ટ્રમ્પને તુમાખી બહુ છે. જે કરે છે એ પોતાના દેશ માટે કરે છેનું તેનું ગાણું અમુક વર્ગને ગમતું હશે પણ પોતે જે રસ્તો અપનાવે છે તેમાં એક આંતરરાષ્ટ્રીય સ્તરના નેતા તરીકેની તેની છબી એવી ખરડાય છે કે ન પૂછો વાત. જૂન 2025માં કેનેડામાં G7 સમિટ થયું અને ત્યારે ટ્રમ્પ એકલા પડી ગયા હોવાનું દેખાઈ આવ્યું. સીધી વાત છે કે U.S.A.ના પરંપરાગત સાથી રાષ્ટ્રોને ટ્રમ્પની અંધાધૂંધ ટેરિફ નીતિ અને વૈશ્વિક વાટા-ઘાટોમાં એક પક્ષીય કાપકૂપ માફક નથી આવી. માત્ર પોતાના દેશનો સ્વાર્થ જોવાને નામે ટ્રમ્પે અન્ય દેશો સાથે સંબંધો બગાડ્યા છે.

એક સમયે કેનેડા અને U.S.A.ની ભાગીદારી અડગ હતી ટ્રમ્પ આડી ફાટેલી સાસુ જેવું વર્તન કરે છે, અચાનક જ રાજદ્વારી વહેવારોમાં આડોડાઈ કરવાની તેમની ઈજારાશાહી હોય એમ લાગે. જેમ કે ક્લાઈમેટ સંબંધી ચર્ચાઓ છોડી દેવી અને વિદેશી નેતાઓનું અપમાન કરવા જેવા ટ્રમ્પના વહેવારથી G7 રાષ્ટ્રોએ પોતાની વ્યૂહરચનામાં ફેરફાર કર્યા. અમેરિકાએ યુરોપનો વિશ્વાસ એટલીવાર તોડ્યો કે આ અવિશ્વસનીયતાથી કંટાળીને યુરોપે સંરક્ષણના સ્વાયત્ત માળખા તરફ કદમ ભરવાની શરૂઆત કરી દીધી છે. NATO પણ નબળું પડી રહ્યું છે. આ કદાચ એવો સંકેત ગણી શકાય કે હવે અમેરિકા એ રાષ્ટ્ર નથી રહ્યું જેના હાથમાં બીજા વિશ્વયુદ્ધ બાદ આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા સાચવવાનું સૂકાન હતું.

પ્યુ રિસર્ચે 24 દેશોમાં 28 હજાર લોકોમાં કરેલા એક સર્વે અનુસાર 19 દેશો એવા છે જ્યાંની અડધાથી વધુ વસ્તીને ટ્રમ્પ પર રતી ભાર વિશ્વાસ નથી. આ લોકો ટ્રમ્પ માટે ઘમંડી, ખતરનાક અને અપ્રામાણિક જેવા શબ્દો વાપરે છે - UK અને જર્મની જેવા સાથી દેશો પર્યાવરણ, સાયબર સિક્યુરિટી અને વૈશ્વિક વ્યાપાર જેવા મુદ્દાઓને મામલે U.S.A. કરતાં પોતાની સરકારો પર વધુ મદાર રાખતા થયા છે. કેનેડા, મેક્સિકો, જર્મની અને સ્વીડન જેવા દેશોમાં તો અમેરિકા પ્રત્યેનો અહોભાવ પાતાળલોકમાં ચાલ્યો ગયો છે. ઘર આંગણે એટલે કે અમેરિકામાં ટ્રમ્પના ચાહકો કરતાં વિરોધીઓનું પ્રમાણ વધારે છે. વિવિધ પોલ્સ અનુસાર ટ્રમ્પ તરફ નકારાત્મક વલણ ધરાવનારાઓ અમેરિકામાં જ લગભગ 53-56%ની આસપાસ છે. ટ્રમ્પે જાહેર કરેલા અમુક ફરમાનો, સાંસ્કૃતિક યુદ્ધનું અમેરિકન સમાજમાં ખેલાતું રાજકારણ, એવી આર્થિક નીતિઓ જે માત્ર સાંભળવામાં સારી લાગે અમલીકરણને મામલે જરાય ફાયદાકારક નથી આ બધું જ તેમને પ્રત્યે નકારાત્મકતાને વેગ આપનારું સાબિત થયું છે. પરિણામે, અમેરિકન સમાજમાં ધ્રુવીકરણના મૂળિયાં ઊંડા ઉતર્યા છે તો સાથે પાયાના પ્રશ્નોને લઈને ચળવળો પણ છેડાઈ રહી છે. 2025માં ન્યૂ યોર્ક ટાઈમ્સે કરેલા એક ઈન્ટરેક્ટિવ વિશ્લેષણમાં દેખાઈ આવે છે કે ટ્રમ્પને ગ્રામીણ અને નાના શહેરના મતદારોનો ટેકો છે પણ શહેરી અને ઉપનગરીય મતવિસ્તારો જેમાં સ્ત્રીઓ, લઘુમતી અને શિક્ષિત અમેરિકન્સ ડેમોક્રેટ્સ તરફ વળ્યા છે. મિશિનગ, પેન્સિલવેનિયા અને એરિઝોના જેવા રાજ્યો જ્યાં એક સમયે ટ્રમ્પ ઓછા મતે જીત્યા હતા ત્યાં હવે મતદારો ટ્રમ્પના ધ્રુવીકરણના કિમીયાઓથી કંટાળ્યા છે. ચૂંટણીમાં દેખાઈ આવેલી આ પેટર્ન ટ્રમ્પ શાસન હેઠળ સમાજના વિભાજનનું પ્રતિબિંબ છે.

ટ્રમ્પને ‘અમેરિકા ફર્સ્ટ’ વાળું ગાણું બહુ ગાયું. જૂનની 12મી તારીખે U.S. હાઉસે ટ્રમ્પના વિદેશી સહાય ભંડોળમાંથી વૈશ્વિક આરોગ્ય માટેના કાર્યક્રમોમાંથી 9.4 બિલિયન ડૉલર કાપવાની પ્રસ્તાવને મંજૂરી આપી, તેમાંથી 900 મિલિયન ડૉલર્સ તો HIV-AIDS માટે કામ કરતા કાર્યક્રમોમાંથી કાપી લેવાની વાત થઈ. વળી U.S.A.ના ફંડથી ચાલનારા બ્રોડકાસ્ટર્સને અપાતા ભંડોળમાં પણ કાપની જાહેરાત કરાઈ. વિકાસશીલ દેશોમાં જ્યાં અમેરિકા સોફ્ટ પાવર તરીકે હંમેશા પોતાનો પ્રભાવ રાખનાર રાષ્ટ્ર હતો તે સન્માન અને પદ હવે આવાં પગલાંથી અમેરિકા પાસેથી છીનવાઈ જશે તે ચોક્કસ. બીજી તરફ ટ્રેડ વોર ચાલે છે. સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ટ્રમ્પે ઝીંકેલા ટેરિફના સપાટામાં EU અને ભારત છે. ટેરિફનું તાંડવ ઓછું હોય તેમ ઉર્જાને લગતી નીતિઓ ઢંગધડા વગરની છે જ સપ્લાય ચેન ખોરવનારી છે.

**ટ્રમ્પનો રાજદ્વારી અભિગમ બહુ વ્યવહારિક - ઉપરછલ્લો છે તેમાં કોઈ ઊંડાણ નથી અને માટે ભારત અને U.S.A. વચ્ચે લાંબાગાળાનું, નક્કર પરિણામ લાવે તેવું જોડાણ થાય અને જળવાઇ રહે તેવી શક્યતાઓ પણ ઘટી રહી છે**

અમેરિકાના આવા વલણની સામે પોતાનો રસ્તો કાઢવા માટે અન્ય રાષ્ટ્રો ચીન અને EU સાથેના પોતાના સંબંધો ગાઢ બનાવી રહ્યા છે.

ટ્રમ્પે સત્તા પર આવતા પહેલાં બહુ ફાંકા માર્યા હતા કે તે તરત જ રશિયા-યુક્રેન વચ્ચેના સંઘર્ષને અટકાવી દેશે. આ આખી વાત તેમની ચૂંટણી પ્રચારનો અગત્યનો હિસ્સો હતી. ટ્રમ્પે નકરા ફીફાં ખાંડ્યા - અને અધૂરામાં પુરું ઝેલન્સ્કી સાથે ઓવલ ઑફિસમાં જે મીટિંગ કરી તેની પણ આકરી નિંદા થઈ. ટ્રમ્પે જે પણ કંઈ દાવા કરેલા એ બધા એળે ગયા. યુક્રેન અને ચીનને મામલે ટ્રમ્પને શું કરવું તેની ગતાગમ નથી અને પોતે દ્વિધામાં છે તે દેખાઈ આવ્યું છે. NATOમાં જોડાયેલા સાથી રાષ્ટ્રો પણ આત્મનિર્ભરતાની દિશામાં આગળ વધી રહ્યા છે કારણકે ટ્રમ્પના પ્રમુખપદ હેઠળના U.S.A.ના પગ તળેથી જમીન ખસી રહી હોવાના સંકેત સમયાંતરે મજબૂત બની રહ્યા છે.

હવે આપણા દેશની વાત કરીએ તો મોદી અને ટ્રમ્પની દોસ્તી પર આપણે ત્યાં બહુ ઉત્સાહ દેખાડાયો છે. આપણો દેશ અમેરિકા માટે કે ચાવીરૂપ વ્યૂહાત્મક સાથી તરીકે જોવાયો છે. ટ્રમ્પના અણધાર્યા વહેવારોનો આંચકો ભારતને પણ લાગી જ રહ્યો છે. અણધારી વિઝા નીતિઓ, ટેરિફની ધમકીઓ, કાશ્મીર, ચીન અને યુક્રેન જેવા મુદ્દાઓ પર U.S.A.ના ડગમગતા સમર્થનોને કારણે આપણી કેન્દ્ર સરકાર હવે સતર્ક થઇ ગઇ છે. પોતાના દેશનું ગાણું ગાનારા ટ્રમ્પ સ્વાભાવિક રીતે જ બહુપક્ષીય માળખાને નબળું પાડે છે જે ભારત, વૈશ્વિક વ્યાપાર, ક્લાઈમેટને લગતા પગલાં અને પ્રાદેશિક સંતુલન પર સીધી અસર કરે છે. ટ્રમ્પનો રાજદ્વારી અભિગમ બહુ વ્યવહારિક - ઉપરછલ્લો છે તેમાં કોઈ ઊંડાણ નથી માટે ભારત અને U.S.A. વચ્ચે લાંગા ગાળાનું, નક્કર પરિણામ લાવે તેવું જોડાણ થાય અને જળવાઇ રહે તેવી શક્યતાઓ પણ ઘટી રહી છે. આ સ્થિતિમાં ભારત પોતાના રાજદ્વારી અભિગમમાં વિવિધતા લાવીને ગ્લોબલ સાઉથ અને ASEAN દેશો સાથે વધુ નજીકથી જોડાઈને કામ કરી રહ્યો છે. માય ફ્રેન્ડ ડોનાલ્ડ ટ્રમ્પ હવે પહેલાં જેવો સાથી નહીં રહે તેવું આપણી કેન્દ્ર સરકાર સમજી ચૂકી છે.

આ બધાંની સાથે ટ્રમ્પ અને મસ્કના રોમાન્સ (બ્રોમાન્સ) અને બ્રેક-અપના ખેલ પણ ચાલ્યા કરે છે. ટ્રમ્પ અને મસ્ક વચ્ચે જે પણ ચાલ્યું છે તેમાં રાજકીય નેતૃત્વ અને મનોરંજનની ભેદરેખા સચવાઈ નથી.

એક રાષ્ટ્રની સંસ્થાકીય ગંભીરતા, તેનું વજન, તેનો મોભો આવા બધા તાયફાને કારણે વૈશ્વિક મીડિયા શો જેવું લાગે અને તેનું મહત્ત્વ ઘટી જાય તે સ્વાભાવિક છે.

એક સમયે લોકશાહી શક્તિનો શિરમોર ગણાતો અમેરિકા દેશ હવે શંકા અને આશ્ચર્યની નજરોથી નાણવામાં આવે છે. ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ ઘટી રહ્યું છે, સાથી દેશો પોતાના દાવ ખેલી રહ્યા છે અને પોતાની પકડ મજબૂત રહે તેની તકેદારી રાખી રહ્યા છે. એક સમયે બધી બાબતે U.S.A.ની સલાહ માગવામાં આવતી પણ હવે ભલે તેને હળવાશથી નથી લેવાતો છતાં ય તેની પર બને એટલો ઓછો આધાર રાખવાની ગાંઠ તો ઘણાં દેશોએ વાળી છે. જેમ કે કેનેડા પોતાના વ્યાપારી સાર્વભૌમત્વને મજબૂત કરે છે અને U.S.A.ના માલના બહિષ્કારને કેનેડિયન ગ્રાહકોમાં રોકવાની પહેલ પર પણ ધ્યાન આપી રહ્યો છે. યુરોપ હવે વૉશિંગ્ટનથી સ્વતંત્ર રીતે પોતાની સંરક્ષણ અને વ્યાપારી પદ્ધતિઓ પર કામ કરે છે. જાપાન પણ આગવા સ્તરે સંરક્ષણ અને રાજદ્વારી સંપર્કો વિસ્તારે છે તો લેટિન અમેરિકા અને આફ્રિકા ચીન અને EUની આગેવાની હેઠળ પોતાની માળખાગત સુવિધાઓ અને રોકાણના પ્રોજેક્ટ્સ પર ધ્યાન આપી રહ્યા છે. આ વ્યૂહાત્મક ફેરફારો માત્ર હંગામી પ્રતિક્રિયાઓ નથી બલ્કે હવે વૈશ્વિક સ્તરે U.S.A.ને બાયપાસ કરીને નવા જોડાણોની કેડી કંડારાઈ રહી છે.

### બાય ધી વે

ટ્રમ્પના નેતૃત્વની પ્રકૃતિ અણધારી, નાટકીય અને અલગાવવાદી છે - વૈશ્વિક સ્તરે એક સમયે U.S.A.ના નેતૃત્વમાં રહેલો વિશ્વાસ ટ્રમ્પને કારણે તૂટી ગયો છે. U.S.A.માં ઘર-આંગણે ટ્રમ્પની વાહવાહી કરનારાઓને તે કદાચ બહુ બોલ્ડ કે હિંમતવાન લાગી શકે છે પણ ખરેખર તો તે ઉચ્છૃંખલ છે એવું આખી દુનિયાને હવે સમજાઇ ગયું છે. અમેરિકાના વૈશ્વિક મહાસત્તા તરીકેના વારસાના ગઢના કાંગરા ખરી રહ્યા છે. એક સમયનો વિશ્વાસ ખંડિત જોડાણો, ખાડે ગયેલી આર્થિક વ્યાપારી સંસ્થાઓમાં ખોવાયો છે અને દરેક રાષ્ટ્ર ક્યાંક બીજે વિશ્વસનીય સાથી શોધી રહ્યું છે. જો અમેરિકા પોતાને મહાસત્તા તરીકે ફરી સ્થાપિત કરવા માંગતો હશે તો તેણે ફરી લોકોનો વિશ્વાસ જીતવો પડશે. દુનિયાના દરેક દેશ જે એવું માને છે કે પોતાનામાં વૈશ્વિક સ્તરે ટોચ પર જવાની તાકાત છે તે દરેકે ટ્રમ્પની અભિમાન ભરેલી મુર્ખતા પરથી બોધ પાઠ લેવા જોઇએ અને સત્તાના મદમાં સ્થિરતા ખોઈ બેસવાની ભૂલથી બચવું જોઇએ.

# પૈસા ખર્ચો અને જીવ બચાવો

નો નોનસેન્સ

રમેશ ઓઝા



વાહનોનાં થતા અકસ્માત હાથમાંથી વાસણ પડી જાય એવા નિર્દોષ નથી હોતા, તેની પાછળ કોઈકને કોઈક પ્રકારની ખામી કે નિષ્ફળતા કારણભૂત હોય છે. અમદાવાદ એરપોર્ટ નજીક એર ઇન્ડિયાનું અમદાવાદથી લંડન જતું વિમાન ઉડતાની સાથે જ એક મિનીટમાં પડી ગયું એ જેટલી આઘાતજનક ઘટના છે એટલી ખામીજન્ય ઘટના છે. વિમાન બોઈંગ કંપનીનું હતું અને બોઈંગની ડ્રીમલાઈનર તરીકે ઓળખાતી 787 સીરીઝના વિમાનનો આ પહેલો અકસ્માત છે. બોઈંગ કંપનીનાં 787 સીરીઝનાં 1170 વિમાનો વિશ્વભરમાં આકાશમાં ઊડી રહ્યાં છે અને તેણે અત્યાર સુધીમાં ત્રણ કરોડ કલાકનું ઉડ્ડયન કર્યું છે અને એક અબજ ઉતારુઓને પ્રવાસ કરાવ્યો છે. બોઈંગની 737 મેક્સ સીરીઝની નિષ્ફળતા અને બદનામી પછી આ નવી સીરીઝની સફળતા રાહતરૂપ હતી અને કંપનીએ આ વરસના પ્રારંભમાં તેની ઉજવણી પણ કરી હતી.

પણ એનો અર્થ એવો નથી 787 સીરીઝનાં દરેક વિમાન ખામીરહિત હોય. એ ખામી ઉત્પાદનમાં હોઈ શકે છે, પાછળથી પેદા થઈ હોય એવું પણ બને, અમુક કલાકના વપરાશ પછી ખામી પેદા થાય એવી કોઈક ઉત્પાદનમાં જ ખામી હોય એવું પણ બને, એરલાઈન્સ કંપનીના મેઈન્ટેનન્સમાં ખામી હોઈ શકે છે. શક્યતાઓ અનેક છે. આમ તો વિમાનની લાઈફ સરેરાશ 30 વરસની હોય છે અને આ વિમાન 11 વરસ જૂનું છે. તેને નવું ન કહેવાય તો જૂનું ખખડી ગયેલું પણ ન કહેવાય. અહીં એક વાત જણાવવી જોઈએ કે એર ઇન્ડિયા પાસે 787 સીરીઝનાં વિમાનો સૌથી વધુ છે. આ વિમાનો માટે એર ઇન્ડિયા બોઈંગ કંપનીનો સૌથી મોટો ઘરાક છે અને એ વિમાનો ત્યારે ખરીદવામાં આવ્યાં હતાં જ્યારે એર ઇન્ડિયા સરકારની માલિકીની હતી. હજુ 20 વિમાનોની ડીલીવરી આવવાની બાકી છે. ટૂંકમાં ખરીદી સરકારી હતી.

વિમાનનો પાયલોટ પણ અનુભવી હતો. 8200 કલાકના ઉડ્ડયનનો તેને અનુભવ હતો અને સહાયક પાઈલોટ 1100 કલાકનો અનુભવ ધરાવતો હતો. આમ ભૂલની શક્યતા ઓછી છે, પણ માણસ ભૂલ ન જ કરે એવું તો નથી. માણસ આખરે માણસ છે. ટેઈકઑફ પછી માત્ર 30 સેકંડમાં પાઈલોટ કન્ટ્રોલ ટાવરને “મેડે” એમ કહે છે અને પછી કોઈ જવાબ જ મળતો નથી. વિમાની ઉડ્ડયનમાં મેડેનો અર્થ થાય છે સંકટ. એવું સંકટ જે પાઈલોટના કન્ટ્રોલની બહારનું છે અને મદદની જરૂર છે. આનો અર્થ એ થયો કે સંભવતઃ વિમાનના બન્ને એંજીન કામ કરતાં અટકી ગયાં હતાં અને પાઈલોટ લાચાર હતો. પણ બન્ને એન્જીન એક સાથે કામ કરતાં અટકી જાય અને એ પણ ઉડતાની સાથે ત્રીસ સેકન્ડમાં એવું પણ જવલ્લે જ બને. નિષ્ણાતો કહે છે કે દસ લાખે એક કિસ્સામાં આવું બને. એક અનુમાન એવું છે કે બન્ને એન્જીનમાં પક્ષી અથડાયાં હોય. આવું પણ જવલ્લે જ બની શકે, પણ શક્યતા ખરી. એક નિવૃત્ત પાયલોટ કહે છે કે તેના વખતમાં અમદાવાદના એરપોર્ટ પર પક્ષીઓના ઝૂંડ જોવા મળતાં હતાં.

**ભારતમાં મેઈન્ટેનન્સની સ્થિતિ કેવી છે એ વિમાનપ્રવાસ કરનારા ઉતારુઓ ક્યાં નથી જાણતા! અમેરિકા અને ચીન પછી ભારત ત્રીજો દેશ છે જ્યાં વિમાનપ્રવાસ કરનારા ઉતારુઓ સૌથી વધુ છે અને તેમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. જતા દિવસે શું થશે કહું? ભારતનાં મોટાં શહેરોમાં બે એરપોર્ટ જોવા મળશે**

અકસ્માત થવા માટે કોઈ મોટું અને દેખીતું કારણ નજરે પડતું નથી તો અકસ્માત થયો કેમ? 787 સીરીઝનાં વિમાનોનો સફળતાનો ઈતિહાસ છે, પાઈલોટ અનુભવી હતો, બન્ને એન્જીન એક સાથે અને એ પણ ત્રીસ સેકન્ડમાં કામ કરતાં અટકી જાય એવું તો જવલ્લે જ બને વગેરે જોતાં અકસ્માત માટે આ સિવાયનાં બે કારણ હોઈ શકે છે.

બોઈંગના 787 સીરીઝનાં વિમાનોની બનાવટ જ એવી હોય કે વિમાન ઊડતાં થાય એ પછી બાર-પંદર વરસમાં ખામી પેદા થવા લાગે. અને આવી ફરિયાદ પણ થઈ છે. બોઈંગ કંપનીમાં 787 સીરીઝના પ્રોજેક્ટમાં કામ કરી ચુકેલા એક નહીં બે જણાએ ચેતવણી આપતા કહ્યું છે કે બોઈંગ 787 સીરીઝના વિમાનોનું એસેમ્બલીંગ જેવી રીતે થવું જોઈએ એ રીતે થતું નથી. એમાં ઝીણા ઝીણા ખાંચા રહે છે અને એ જતે દિવસે જોખમ પેદા કરી શકે છે. કંપનીએ આ વિમાનો 2011ની સાલમાં માર્કેટમાં મુક્યા હતા. એર ઇન્ડિયાએ આ વિમાન 2014માં ખરીદ્યું હતું. 11 વરસ થયાં. એસેમ્બલીંગમાં રહેલી ખામી હવે જોખમી બનવા માંડી હોય. જો એમ હોય તો બોઈંગ 787 સીરીઝનાં વિમાનનો આ પહેલો અકસ્માત હોય અને હવે વધુ અકસ્માત થઈ શકે છે. યોગાનુયોગ એવો થયો કે જે દિવસે અમદાવાદમાં અકસ્માત થયો એ દિવસે જ ટ્રમ્પ વહીવટીતંત્રે બ્રાયન બેડ્ફોર્ડની ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશનના વડા તરીકે નિમણૂક કરી છે અને તેણે કહ્યું છે કે તે બોઈંગને તેનાં ખામીયુક્ત 737 મેક્સ વિમાનો બજારમાં મુકવા માટે છોડશે નહીં.

..અનુસંધાન પાના નં. 3 પર

## સિલી પોઈંટ

